# સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા  મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે આજ રોજ**
**સુરતમહાનગરપાલિકા હદ વિસ્તાર હેઠળનાં તમામ ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૪૦૯**
**પ્રિમાઈસીસો સર્વે કરાતા સરકારી ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૨૭ નોટીસો આપવામાં**
**આવેલ  અને ૮,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલઃ–**

કામગીરીની વિગતોઃ–

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૮/૦૭/૨૦૨૧  દરમ્યાન વીબીડીસી વિભાગના કર્મચારીઓએ સુરતમહાનગરપાલિકાના હદ વિસ્તાર હેઠળની **સરકારી ખાનગી શાળા/કોલેજોનું** સર્વે કરવામાં આવેલ છે. જે અંગેની **આજ રોજ ઝુંબેશ અંતર્ગત તમામ સરકારી ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૪૦૯ સ્થળોએ કુલ ૨૨૮૬ સ્પોટ ચેક કરી કુલ ૨૩ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ અને  ૮,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે તમામ  સરકારી ખાનગી શાળા/કોલેજોના ૨૭ જવાબદાર નોડલ ઓફિસરને નોટીસ ઈસ્યુ કરવામાં  આવેલ છે.**

ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૬૦ સ્થળો ચેક કરાતા ગજેરા સ્કુલ,ઉત્રાણ ૫૦૦૦/–,તપોવન વિદ્યાલય ૧૦૦૦ કુલ મળી
**નોર્થ ઝોનમાં** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૬૦ સ્થળો ચેક કરાતા ગજેરા સ્કુલ,ઉત્રાણ ૫૦૦૦/–,તપોવન વિદ્યાલય ૧૦૦૦ કુલ મળી
**૬૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને  ૭ નોટીસ આપવામાં આવેલ છે. **વેસ્ટ ઝોનમાં** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૭૨
સ્થળો ચેક કરાતા જે.એચ.બી. સરદાર સ્કુલ **૧૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને  ૫ નોટીસ આપવામાં આવેલ
છે.**સેન્ટ્રલ ઝોનમાં** ખાનગી શાળા/કોલેજો ૨૪ સ્થળો ચેક કરાતા સર જે જે મિશ્ર શાળા, શાહપોર ૫૦૦/–,બાઈ પી એમ ગર્લ્સ સ્કૂલ
,માછલીપીઠ ૫૦૦/– કુલ મળી **૧૦૦૦/–** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને  ૧ નોટીસ આપવામાં આવેલ છે. **સાઉથ**
**ઝોન**માંથી ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૬૫ સ્થળો ચેક કરાતા  ગુરૂકૃપા વિદ્યાલય ૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને
૭ નોટીસ આપવામાં આવેલ છે. **ઈસ્ટ–એ ઝોનમાં** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૫૬ સ્થળો ચેક કરાતા નાલંદા સ્કૂલ  **૨૦૦/–**
વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ અને  ૨ નોટીસ આપવામાં આવેલ છે. **ઈસ્ટ–બી ઝોનમાં** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૫૦ સ્થળો
ચેક કરાતા ૩ નોટીસ આપવામાં આવેલ છે. **સા–ઈસ્ટ ઝોનમાંથી** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૪૯ સ્થળો ચેક કરાતા ૩ નોટીસ
આપવામાં આવેલ છે. **સા–વેસ્ટ ઝોનમાંથી** ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૩૩ સ્થળો ચેક કરાતા ૧ નોટીસ આપવામાં આવેલ છે.

**આમ,ઝોન વિસ્તારોમાંથી સરકારી ખાનગી શાળા/કોલેજો મળી કુલ ૪૦૯ પ્રિમાઈસિસો સર્વે કરાતા ૨૨૬૮  સ્પોટ ચેક કરી  સરકારી ખાનગી શાળા/કોલેજોને ૨૭ નોટીસ આપવામાં આવી અને કુલ ૨૩  બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ તથા ૮,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૬૧૧
તા. ૧૯–૦૭–૨૦૨૧